# પોલીસ પર હુમલાથી ડભોઈમાં ખળભળાટ: સરકારી ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલને ટોળાએ નિશાન બનાવ્યા

**"આપડા ને જ પકડે છે" કહી ઉશ્કેરણી બાદ પોલીસકર્મીઓ પર જીવલેણ હુમલો, અનેક સામે ગુનો નોંધાયો**

**સરકારી કામગીરીમાં અવરોધ, ઈંટના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો આક્ષેપ; શહેરમાં ઘટનાને લઈ ચર્ચાઓ તેજ**

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 4
શહેરમાં એક જ જૂથના લોકો વચ્ચે થયેલી બબાલ બાદ સરકારી હોસ્પિટલ ખાતે ભેગા થયેલા ટોળાએ પોલીસ પર હુમલો કરતા ભારે ખળભળાટ મચી ગયો છે. આ ઘટનામાં ફરજ પર રહેલા હેડ કોન્સ્ટેબલ અને અન્ય એક પોલીસકર્મીને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. પોલીસે અનેક આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હોસ્પિટલ ખાતે હાજર ટોળામાં પરવેઝ ઉર્ફે રાજા સિકંદર ગરાસિયાએ "આપડા ને જ પકડે છે" કહીને હાજર લોકોને ઉશ્કેર્યા હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ ચારથી



પાંચ જેટલા શખ્સોએ ગેરકાયદે મંડળી રચી હેડ કોન્સ્ટેબલ ઝાલા પર હુમલો કર્યો હતો.

ફરિયાદ મુજબ, આસિફ સિકંદર ગરાસિયા અને હસનૈન ઉર્ફે મુન્સી સિકંદર ગરાસિયાએ ઈંટના ટુકડાઓ વડે હેડ કોન્સ્ટેબલની છાતી અને માથાના ભાગે હુમલો કરી ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત અન્ય શખ્સોએ સ્થળ પર હાજર પોલીસ કોન્સ્ટેબલ શુભમ પર પણ હુમલો કરી તેમને માર માર્યો હતો તેમજ નખ વડે ઈજાઓ પહોંચાડી હતી.

આ ઘટનામાં સરકારી કર્મચારીઓની ફરજમાં અવરોધ ઉભો કરાયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પરવેઝ ઉર્ફે રાજા સિકંદર ગરાસિયા, આસિફ સિકંદર ગરાસિયા, હસનૈન ઉર્ફે મુન્સી સિકંદર ગરાસિયા, સમીર સિકંદર ગરાસિયા, સિકંદર ફકુ ગરાસિયા, સુહાન બદરૂદ્દીન સૈયદ, બદરૂદ્દીન કાલુ સૈયદ સહિત અન્ય શખ્સોને આરોપી તરીકે દર્શાવ્યા છે.

પોલીસ પર થયેલા હુમલાની ઘટનાએ સમગ્ર ડભોઈ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઘટનાને લઈને વિવિધ પ્રકારની અટકળો અને ચર્ચાઓ ચાલી રહી છે. બીજી તરફ પોલીસ અને કેટલાક તત્વો વચ્ચેના વધતા તણાવને લઈને રાજકીય માહોલ પણ ગરમાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.


જોકે, હાલ ડભોઈ શહેરમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

**15 વર્ષીય જયરામભાઈ રબારીનું મોત, સમગ્ર પંથકમાં શોકની લાગણી**

# નર્મદામાં ગયો કિશોરનો જીવ: રણાપુર નજીક બે યુવકો ડૂબ્યા, એકનો મૃતદેહ મળ્યો

**અંધારું થતાં રેસ્ક્યુ ઓપરેશન સ્થગિત, બીજા યુવકની શોધખોળ આજે ફરી શરૂ થઈ**

(પ્રતિનિધિ) કરજણ, તા. 4
કરજણ તાલુકાના રણાપુર ગામ નજીક નર્મદા નદીમાં બુધવારે એક કરુણ દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં બે યુવકો નદીના ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. આ ઘટનામાં એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે બીજા યુવકની શોધખોળ હજુ પણ ચાલુ છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.



મળતી માહિતી મુજબ, બુધવારે બપોરે આશરે 4 વાગ્યાના સુમારે રણાપુર ગામ નજીક નર્મદા નદીમાં ત્રણ યુવકો ન્હાવા માટે ઉતર્યા હતા. દરમિયાન બે યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

ફાયર વિભાગ દ્વારા કલાકો સુધી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, સૂર્યાસ્ત બાદ અંધારું ઘેરાઈ જતાં અને ડૂબી ગયેલા યુવકોની કોઈ ભાળ ન મળતાં કામગીરીને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી હતી. ફાયર વિભાગે જણાવ્યું છે કે બીજા ગુમ થયેલા યુવકની શોધખોળ માટે આવતીકાલે સવારે ફરીથી યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવશે.

આ દુર્ઘટનામાં ગોવાભાઈ નાગજીભાઈ રબારી ઉર્ફે વિરાજભાઈનો આબાદ બચાવ થયો હતો. જ્યારે 15 વર્ષીય જયરામભાઈ બિજલાજી રબારીનો મૃતદેહ મળી આવ્યો હતો. કિશોરના મોતના સમાચાર મળતા પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો.

**બસ રૂટમાં નાનો ફેરફાર કરી સમસ્યાનો ઉકેલ લાવવાની માંગ**

# દીપાપુરામાં એસ.ટી. બસના ઠેકાણા નથી રોજ ૧.૫ કિમી પગપાળા ચાલતા માસૂમો

**માધ્યમિક શિક્ષણ માટે સાંઢાસાલ જતાં 30થી વધુ વિદ્યાર્થીઓને પરિવહન સુવિધાના અભાવે ભારે હાલાકી**

(પ્રતિનિધિ) સાવલી, તા. 4
વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના દીપાપુરા ગામના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ મેળવવા માટે રોજબરોજ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગામમાં માધ્યમિક શાળાની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ડેસર તાલુકાના સાંઢાસાલ ગામે જવું પડે છે. પરંતુ યોગ્ય એસ.ટી. બસ સેવા ન હોવાના કારણે તેઓને દરરોજ દોઢ કિલોમીટર જેટલું અંતર પગપાળા કાપવાની ફરજ પડી રહી છે.

આ ગંભીર પ્રશ્નને લઈને તાલુકા પંચાયતના સદસ્ય અને એડવોકેટ જયેશ બાકરોલાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી તેમજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ના ઉચ્ચ અધિકારીઓ સહિત વિવિધ વિભાગોને લેખિત રજૂઆત કરી છે. તેમણે દીપાપુરા ગામના આશરે 30 વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક બસ સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આશરે 1,200ની વસ્તી ધરાવતા દીપાપુરા ગામમાં માધ્યમિક શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી. જેના કારણે વિદ્યાર્થીઓને સાંઢાસાલ ગામે અભ્યાસ માટે જવું પડે છે. દીપાપુરાથી સાંઢાસાલ સુધી સીધી પરિવહન સેવા ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને સૌપ્રથમ નારપુરા ગામ સુધી દોઢ કિલોમીટર ચાલીને જવું પડે છે. ત્યારબાદ તેઓ એસ.ટી. બસ અથવા ખાનગી વાહન મારફતે સાંઢાસાલ પહોંચે છે. આ સમસ્યાના ઉકેલ માટે જયેશ બાકરોલાએ એક વ્યવહારુ સૂચન પણ કર્યું છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે સવારે 10 વાગ્યે સાવલીથી ઉપડી નારપુરા-સાંઢાસાલ થઈ પાન્ડુ જતી બસ તેમજ સાંજે 5 વાગ્યે પાન્ડુથી સાવલી પરત આવતી બસનો રૂટ નારપુરાથી સુધી લંબાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સરળતાથી ઉકેલ આવી શકે છે.

## સંખેડામાં મકાઈની ખરીદી મર્યાદા ઘટતા ખેડૂતોમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 4
સરકાર દ્વારા ટેકાના ભાવે મકાઈ ખરીદી માટે અગાઉ જાહેર કરાયેલી મર્યાદામાં અચાનક ઘટાડો કરવામાં આવતા સંખેડા પંથકના ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. અગાઉ રજિસ્ટ્રેશન કરાવનાર ખેડૂતો પાસેથી 28 ક્વિન્ટલ (60 કટ્ટા) સુધી મકાઈ ખરીદવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ નવા પરિપત્ર અનુસાર હવે માત્ર 15 ક્વિન્ટલ (30 કટ્ટા) મકાઈ જ ખરીદવામાં આવી રહી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, ભારે મહેનતથી તૈયાર કરેલા પાકને યોગ્ય ભાવ મળે તે માટે તેઓ સરકારની ટેકા ખરીદી યોજનામાં જોડાયા હતા. બજારમાં પૂરતો ભાવ ન મળતા અને વરસાદી મોસમ નજીક હોવાથી ખેડૂતોને સરકારની ખરીદી પર આશા હતી.

# એનિમલ રેસ્ક્યુ ટીમના ૪ વેલિએન્ટરોએ મળીને નિશાચર જાનવરોને પકડયા

**સંખેડા બ્રાહ્મણ શેરીમાં પ્રવીણભાઈ એક ઘરમાંથી ૨૦૦ થી વધુ ચામાચીડિયાને રેસ્ક્યુ કરાયા**

(પ્રતિનિધિ) સંખેડા, તા. 4
ચામાચીડિયાંએ વોલિએન્ટરોની આંખો પર અને હાથ પર હુમલા કર્યા હતાસંખેડા બ્રાહ્મણ શેરી માં પ્રવીણભાઈ વ્યાસ ના ઉપર ના મકાન રૂમમાં અસંખ્ય ચામાચીડિયાએ ઘણા સમયથી પોતાનું રહેઠાણ બનાવ્યું હતું. જાણે કે આખા ગામના ચામાચીડિયાં ત્યાં જ હોય એમપ્રવીણભાઈ વ્યાસ અવાજ અને ગંદકીથી હેરાન થઈ બહાદરપુરની એનિમલ રેસ્ક્યુ ટીમના મંત્રી સચિન ભાઈ



પંડિતને જાણ કરી હતી. ત્યાર બાદ સચિનભાઈએ જગ્યા પર જઈને સચિનભાઈએ ચાર વોલિએન્ટર સંજયભાઈ,લાલાભાઈ સાથે મળીને આ નિશાચર જાનવરોને એક-એક કરીને અનેક ને હવા માં ઉડતા જ પકડ્યા.

અમુક ચામાચીડિયાંને ત્યાંથી બહાર જવા દીધા હતા. આ ચામાચીડિયાંએ સચિનભાઈ તથા તેમના વોલિએન્ટરોની આંખો પર અને હાથ પર હુમલા કર્યા હતા. આખરે ૨૦૦ થી વધુ ચામાચીડિયાંનું રેસ્ક્યુ કર્યું હતું. સચિનભાઈ પંડિતના કહેવા મુજબ ચામાચીડિયાંની ઘણી બધી પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે. તેનું વજન માત્ર 500 ગ્રામ જેટલું હોય છે. તે પર્યાવરણના મિત્ર છે અને વૃક્ષના બીજ ખાઈને જીવે છે. તેમનો મુખ્ય ખોરાક માછલી, દેડકા, જીવજંતુઓ તથા પ્રાણીઓનું લોહી ચૂસવું. દ્વારા આ સાહસભરી અને જોખમી કામગીરીને લઈને પ્રવીણભાઈ વ્યાસ સચિનભાઈ પંડિત થતા આખી ટીમનો આભાર માન્યો હતો. સચિન પંડિત આ વિષય માહિતી આપતા જાણવે છે કે ચામાચીડિયું અંધારામાં કેવી રીતે ઉડે છે ? ચામાચીડિયું અંધારામાં નિરાંતે ઉડી શકે છે, કારણ કે ચામાચીડિયું આંખ વડે જોતું નથી, એટલે એને અજવાળાની જરૂર પડતી નથી.

## કાલોલના ખંડોલી ગામમાં મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા. 4
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ખંડોલી ગામમાં કાલોલ પોલીસ દ્વારા પ્રોહિબિશન રેઈડ પાડીને એક રહેણાક મકાનમાંથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જોકે, પોલીસ દરોડા દરમિયાન આરોપી મહિલા ઘરે હાજર ન મળી આવતા તેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.કાલોલ પોલીસ સ્ટેશનના એએસઆઈ અને પોલીસ કોન્સ્ટેબલ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેઓને ખાનગી બાતમીદાર તરફથી ચોક્કસ માહિતી મળી હતી કે, ખંડોલી ગામના જલારામ મંદિર ફળિયામાં રહેતી સંગીતાબેન મહેશભાઈ પરમાર પોતાના મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખીને તેનું વેચાણ કરે છે.

# ડુંગરવાંટ ડાઈવર્ઝન પરથી લાખોનો દારૂ પકડાયો

**પાવીજેતપુર પોલીસની મોટી કાર્યવાહી, 1,548 દારૂની બોટલો કબ્જે**

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.3
પાવીજેતપુર તાલુકાના ડુંગરવાંટ ગામે ભારજ નદીના ડાઈવર્ઝન રોડ ઉપર પાવીજેતપુર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મોટી કાર્યવાહી હાથ ધરી હતી. એલ.પી. રાણા, પોલીસ ઈન્સ્પેક્ટર, પાવીજેતપુર પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ પોલીસે એક સફેદ કલરની TATA HARRIER ફોર વ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ 1,548 નાની-મોટી



દારૂની બોટલો, જેની કિંમત રૂ. 6,92,700 હોવાનું જાણવા મળ્યું છે, તેમજ દારૂની હેરાફેરીમાં વપરાયેલી TATA HARRIER ગાડી (કિંમત રૂ. 7 લાખ) કબ્જે કરી કુલ રૂ. 13,92,700 નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો છે. ફોર વ્હીલ ગાડી ઘટનામાં ગાડીનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેના નામ-સરનામાની તપાસ ચાલી રહી છે અને પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ નર્મદા કેનાલ નજીક બાઈક સ્લિપ થતાં ચાલકનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા. 4
પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનની હદમાં નર્મદા કેનાલ પાસે મોટર સાઇકલ સ્લિપ થઈ જતાં ગંભીર રીતે ઘવાયેલા ચાલકનુ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ મામલે કાલોલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બાકરોલ ગામના હરસિધ્ધી માતાના મંદિર પાસે રહેતા વનરાજસિંહ રામસિંહ મહિડા (ઉં.વ. ૪૫) ગત તારીખ ૩૧/૦૫/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૧:૦૦ વાગ્યે હાલોલ જી.આઈ.ડી.સી. સ્થિત સુપ્રિમ ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાંથી પોતાની નોકરી પૂરી કરીને મોટર સાઈકલ (નંબરઃ GJ-17-BD-6775) લઈને ઘરે પરત ફરી રહ્યા હતા.

# છોટાઉદેપુરમાં ટ્રકે ટ્રેક્ટરને લીધું અડફેટે, કિશોરનું મોત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
ઘેલવાંટ આશ્રમશાળા નજીક સિમેન્ટના ભારે થાંભલા ભરેલા ટ્રકે સર્જ્યો ભયાનક અકસ્માતઃ પિતા ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા
ડીઝલ પુરાવવા જઈ રહેલા પરિવારનો માળો વિખેરાયોઃ ટ્રક ચાલક નશામાં હોવાનો પરિવારનો ગંભીર આક્ષેપ, કડક પગલાં ભરવા માંગ

છોટાઉદેપુર જિલ્લાના ઘેલવાંટ આશ્રમશાળા નજીક આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. બેફામ ગતિએ દોડતા એક કાળમુખા ટ્રકે ટ્રેક્ટરને એવી જોરદાર ટક્કર મારી હતી કે ટ્રેક્ટરનો ભુક્કો બોલી ગયો હતો. આ ગોઝારા અકસ્માતમાં પિતાની નજર સામે જ તેમના



વ્હાલસોયા પુત્રનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે પિતા પોતે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતકના પરિવારમાં ભારે આક્રોશ સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

એક ટ્રેક્ટર લઈને પિતા-પુત્ર બંને નજીકના પંપ પર ડીઝલ લેવા માટે જઈ રહ્યા હતા. ટ્રકના ચાલકે અચાનક જ પોતાના વાહનના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ બહાર ગયેલી ભારે ટ્રકે પિતા-પુત્રના ટ્રેક્ટરને અડફેટે લઈને એવી પ્રચંડ ટક્કર મારી હતી.

## પાંચીયાસાળ ગામેથી ૫.૩૬ લાખનો બિયર ભરેલો ટેમ્પો પકડી પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા. 4
ગઈકાલે બપોરના સમયે પેટ્રોલિંગમાં નીકળેલ સાગટાળા પોલીસ પોલીસ શંકાસ્પદ લાગતા ગોલ્ડન બ્રાઉન કલરના આઈસર ટેમ્પોનો પીછો કરતા ટેમ્પોનો ચાલક તેના કબજા નો ટેમ્પો પાંચિયાસાળ ગામે ચેકપોસ્ટ નજીક રોડ પર મૂકી નાસી જતા પોલીસે રુપિયા ૫.૩૬ લાખ ઉપરાંતની કિમતની બિયરની પેટીઓ નંગ-૯૯ સાથે ટેમ્પો પકડી પાડી કબજે લીધાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. પોલીસની ગાડી જોઈ પૂરપાટ દોડી જતો એમપી ૦૯ જીએફ-૦૧૮૪ નંબરનો ગોલ્ડન બ્રાઉન કલરનો આઈસર ટેમ્પો પોલીસને શંકાસ્પદ જણાયો હતો જેથી પોલીસે તે શંકાસ્પદ આઈસર ટેમ્પો નો ફિલ્મી ઢબે પીછો કરતા ચેક પોસ્ટ નજીક રોડ પર મૂકી તે નાસી ગયો હતો.

# મીઠીબોર ગામેથી ૧૦.૨૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.3
છોટાઉદેપુર જિલ્લાના મીઠીબોર ગામે ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૭,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશન મુદ્દામાલ તથા મહિન્દ્રા બોલેરો પિક્અપની કિંમત ૩,૦૦,૦૦૦/- મળી કુલ ૧૦,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશનનો મુદ્દામાલ ઝોઝ પોલીસે ઝડપી પાડ્યો હતો.

ઝોઝ પોલીસ સ્ટેશનના સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે ઝોઝ પોલીસ સ્ટેશનના મીઠીબોર આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, મીઠીબોર ગામે રહેતા "ભીખાભાઈ હેમસીંગભાઈ ઉર્ફે ભલજીભાઈ રાઠવા"નાઓ મીઠીબોર હાઈસ્કૂલ નજીક



આવેલ પોતાના ઘરની બાજુમાં આવેલ તેઓના પતરાના સેડ નીચે દારૂ ભરેલ પીકઅપ ડાલુ મુકી રાખેલ છે તેના આધારે તપાસ કરતા મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડીના ડાલામાં ભારતીય બનાવટના દારૂના ટીન બીયરની પેટીઓ નંગ-૧૨૧ જેમા કુલ ટીન બીયર નંગ-૨૯૦૪ જેની કીંમત .૭,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશન મુદ્દામાલ કબ્જે કરી આરોપી પોતાના ઘરે હાજર મળી આવેલ નહી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને પ્રવાસનનું સંગમ બનશે માલસર, ભાવિકોમાં ભારે ઉત્સાહ**

# નર્મદા કિનારે આકાર લઈ રહ્યું છે 'ગુજરાતનું હરિદ્વાર'

**ગજાનન આશ્રમના પૂજ્ય ગુરુજીના સ્વપ્નને મળી રહી છે સાકારતા, 79 હજાર સ્ક્વેર ફૂટનો ભવ્ય ઘાટ પૂર્ણતાના આરે**

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4
નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલું માલસર ગામ આગામી સમયમાં ગુજરાતના અગ્રણી યાત્રાધામ તરીકે નવી ઓળખ મેળવવા જઈ રહ્યું છે. ગજાનન આશ્રમના પૂજ્ય ગુરુજીના માર્ગદર્શન હેઠળ અહીં રાજ્યનો સૌથી વિશાળ નર્મદા ઘાટ તૈયાર થઈ રહ્યો છે. આશરે 79,000 સ્ક્વેર ફૂટ વિસ્તારમાં નિર્માણ પામી રહેલો આ ભવ્ય ઘાટ માત્ર એક બાંધકામ પ્રોજેક્ટ



નથી, પરંતુ એક આધ્યાત્મિક દ્રષ્ટિકોણ અને સંસ્કૃતિના પુનર્જાગરણનું પ્રતિક બની રહ્યો છે.

છેલ્લા બે વર્ષથી સતત ચાલી રહેલું નિર્માણ કાર્ય હવે પૂર્ણતાના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. ટૂંક સમયમાં આ ઘાટ શ્રદ્ધાળુઓ અને નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવશે. જોકે હજુ કામ ચાલુ છે, તેમ છતાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો અહીં પહોંચીને નર્મદા સ્નાન, પૂજા-અર્ચના અને દર્શનનો લાભ લઈ રહ્યા છે. નર્મદાના શાંત અને પવિત્ર વાતાવરણમાં આધ્યાત્મિક અનુભૂતિ કરવા માટે લોકો દૂર-દૂરથી માલસર આવી રહ્યા છે.

પૂજ્ય ગુરુજીનું સ્વપ્ન માલસરને "ગુજરાતનું હરિદ્વાર" બનાવવાનું છે. આ દિશામાં ઘાટનું નિર્માણ એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થઈ રહ્યું છે. ભવ્ય સીડીઓ, વિશાળ પરિસર અને ભાવિકોને અનુકૂળ સુવિધાઓ સાથે આ સ્થળ ભક્તિ અને સંસ્કૃતિનું કેન્દ્ર બનશે.

સ્થાનિક લોકોનું માનવું છે કે આ ઘાટના નિર્માણથી માત્ર ધાર્મિક મહત્ત્વમાં જ વધારો નહીં થાય, પરંતુ પ્રવાસન, સ્થાનિક રોજગારી અને વિસ્તારના સર્વાંગી વિકાસને પણ નવી ગતિ મળશે. નર્મદા તટની સુંદરતા અને માલસરની ઐતિહાસિક ઓળખને આ પ્રોજેક્ટ વધુ ઉજાગર કરશે.

નર્મદા મૈયાના પવિત્ર આશીર્વાદ સાથે માલસર આજે એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં ભક્તિ, સેવા, સંસ્કૃતિ અને વિકાસનું અનોખું સંગમ જોવા મળશે.

# બોડેલી સેવાસદનમાં આગથી અફરાતફરી: પ્રાંત અધિકારીની કચેરીમાં આગ લાગતા દોડધામ

**અરજદારોથી ધમધમતી કચેરીમાં અચાનક આગ ફાટી નીકળતા હાહાકાર**

(પ્રતિનિધિ) બોડેલી, તા. 4
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા સેવાસદનમાં ગુરુવારે બપોરે અચાનક આગ લાગતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સેવાસદનની પ્રથમ માળે આવેલી પ્રાંત અધિકારીની કચેરીમાં લાગેલી આગના કારણે અધિકારીઓ, કર્મચારીઓ અને કામ અર્થે આવેલા મોટી સંખ્યામાં અરજદારોમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરે આશરે 3 વાગ્યાના સુમારે પ્રાંત કચેરીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. તે સમયે સેવાસદનમાં વિવિધ કામકાજ માટે તાલુકાના અનેક વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં અરજદારો હાજર હતા. આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર કચેરી પરિસરમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને સુરક્ષાના કારણોસર



વિવિધ વિભાગોની કામગીરી તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી હતી.

**જાહેર નોટીસ**
અમો વકીલશ્રી ઈમરાન ડી.મલેક, મુ.પો.સામરા, તા.કરજણ, જી.વડોદરાના તે આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, મોજે ગામ સામરા, તા.કરજણ, જી.વડોદરા મુકામે ખાતા નં.૪૩૬, જેનો બ્લોક/સર્વે નં.૪૧૭, ક્ષેત્રફળ ૦-૪૩-૪૮, આકાર ૫.૫૩ પૈસા તથા ખાતા નં.૪૩૮, જેનો બ્લોક/સર્વે નં.૪૦૮, ક્ષેત્રફળ ૧-૧૦-૫૪, આકાર ૧૪.૨૪ પૈસા વાળી ખેતીની જમીનો તેના માલીક પટેલ પ્રકાશભાઈ દલપતભાઈ ના સ્વતંત્ર નામે ચાલે છે અને સદર જમીન તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે જેથી અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે જેથી આ નોટીસ આપી જણાવવાનુ કે, સદર જમીન ઉપર કોઈપણ વ્યકિત, સંસ્થા કે પેઢી કે કોઈપણ વ્યકિતનો હક્ક સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખીતમાં જાણ કરવી મુદ્દત વિત્યે કોઈપણ વાંધો કે તકરાર નહી આવે તો અમારા અસીલને ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામા આવશે જેની નોંધ લેશો.
**ઈમરાન ડી.મલેક** એડવોકેટે (ગુજરાત હાઈકોર્ટ)
મુ.સામરા,તા. કરજણ,જી.વડોદરા. (મો : ૯૩૨૭૨ ૧૧૨૧૫)